રાજય સરકારના બાંધકામ માટે વપરાતા ગૌણ
ખનિજોની રોયલ્ટી ભરવા બાબત

ગુજરાત સરકાર

પરિપત્ર ક્રમાંકઃ ટીએનસી-૧૦-૨૦૧૩-(૪)-સી

સચિવાલય, ગાંધીનગર

તા.૨૦/૦૭/૨૦૧૬

સંદર્ભઃ- (૧) પરિપત્ર ક્રમાંકઃ ટીએનસી-૨૨૮૬-યુઓ-૩૯-(૧૯)-સ તા.૨૩-૧૦-૧૯૮૯

(૨) પરિપત્ર ક્રમાંકઃ ટીએનસી-૨૦૦૨-(૧૪)-સ તા.૨૮-૪-2003

(૩) પરિપત્ર ક્રમાંકઃ ટીએનસી-૧૦-૨૦૧૩-(૪)-સી તા.૮-૮૨૦૧૪

આમુખઃ-

વિભાગના ઉપર દર્શાવેલ સંદર્ભિત પરિપત્રોથી રાજય સરકારના બાંધકામના કામો માટે વપરાતા ગૌણ ખનિજોની રોયલ્ટી બાબતે બી-૧ ટેન્ડરના કલોઝ-૩૬ અને બી-૨ ટેન્ડરના કલોઝ-૩૫માં ઉપરોકત સંદર્ભિત પરિપત્રોની તારીખથી સિકયોરીટી ડીપોઝીટ પરત કરવા માટે રોયલ્ટી ભર્યા અંગેના પ્રમાણપત્રોનો આગ્રહ રાખવાનો રહેશે નહી તેવી જોગવાઇ કરવામાં આવેલ છે અને આ પરિપત્રોથી સિકયોરીટી ડીપોઝીટ પરત કરવા ગૌણ ખનિજોની રોયલ્ટી ભરવા બાબતનો "ના વાંધા પ્રમાણપત્ર"નો આગ્રહ રાખવો નહીં તેમ વખતોવખત સૂચના આપવામાં આવેલ હોવા છતાં તેની અમલવારી બધા વિભાગમાં એકસરખી રીતે કરવામાં આવતી નથી. આ બાબત કોન્ટ્રાકટર્સ એસોસીએશનની પુનઃ રજુઆત અન્વયે સરકારશ્રીના ધ્યાને આવેલ છે.

પરિપત્રઃ-

આથી સંબંધિત સર્વે કાર્યપાલક ઇજનેરશ્રીએ જે તે કામ પૂર્ણ થયેથી જે તે કામની સિકયોરીટી ડીપોઝીટ છુટી કરતા પહેલા ઇજારદારશ્રી તરફથી કામમાં વપરાયેલ ગૌણ ખનિજોની રોયલ્ટી અંગે જે તે કામ માટે ભુસ્તરવિજ્ઞાન અને ખનિજ ખાતાના "ના વાંધા પ્રમાણપત્ર"નો આગ્રહ રાખવો નહીં અને વિભાગના તા.૦૮/૦૮/૨૦૧૪ના પરિપત્રમાં આપેલ તમામ સુચનાઓનો ચુસ્તપણે અમલ કરવાનું આથી પુનઃ જણાવવામાં આવે છે.

| | |
|---|---|
| Inward No. | ૫૩૧૬ |
| Date | ૮/૮/૧૬ |
| Branch | TC |
| A. O. S. | |
| Dn. Acct. | |
| Ex. Eng. | |

(આર.કે.ચૌહાણ)
ખાસ ફરજ પરના અધિકારી (વિ.યો. )
માર્ગ અને મકાન વિભાગ
ગાંધીનગર